ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૭-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

રાજા કરતાં મેઘરાજાની મહેર વધુ જરૂરી

હજી શ્રાવણ મહિનો બેસવાની થોડી વાર છે ત્યાં સુધી મેઘરાજાએ ગુજરાત સહિત દેશભરમાં મહેર કરી દીધી છે. વરસાદ વગરનાં ચોમાસાં વાંઝિયા માણસની સૂકીભંઠ જિંદગી જેવાં બની રહેતાં હોય છે. ગુજરાતે એવાં દુકાળિયાં વરસ પણ જોયાં છે. છપ્પનિયા દુકાળની વિભીષિકાનો હૃદયદ્રાવક આંખે દેખ્યો અહેવાલ આપનારાં ઘરડેરાં પૈકી કોઈ જીવતું હશે તો આજે એની ઉંમર ઓછામાં ઓછી એકસો વીસ વરસની હશે. ગામડાંમાં દોઢ-બે દાયકા પૂર્વે આવાં રડ્યાંખડ્યાં માનવખંડેર જોવા મળતાં અને છપ્પનિયો જોયાનું તેમજ એ કારમો દુકાળ જીરવીને જીવી શક્યાનું ગૌરવ લેતાં રહેતાં. એકસો તેર વર્ષ પૂર્વે ઘટેલી એ ઘટના આજની પેઢી માટે સપના જેવી બની ચૂકી છે. હવે તો કદાચ એવો દુકાળ પડે તો પણ માનવી પાસે એનો સામનો કરવાની પૂરતી સજ્જતા છે. દુનિયા ઘણી નાની બની ગઈ ચે, એટલે અગાઉ આવી કુદરતી આફતો સામે માણસને જે લાચારી અનુભવવી પડતી તેવી સ્થિતિ આજે રહી નથી. છતાં નોબેલ વિજેતા પર્લ બકની 'ગુડ અર્થ' કે પન્નાલાલ પટેલની પ્રશિષ્ટ નવલકથા 'માનવીની ભવાઈ' વાંચતાં દુકાળ શી બલા છે, એનો ખ્યાલ નવી પેઢી જરૂર મેળવી શખે. અનાવૃષ્ટિની સામે અતિવૃષ્ટિ પણ ખતરનાક બની શકે છે. ગુજરાતમાં ભાગ્યે જ ઘોડાપૂર આવ્યાં છે, પરંતુ મચ્છુ ડેમ તૂટ્યો ત્યારે મોરબી જેવા રળિયામણા શહેરની જે દુર્દશા થઈ હતી તે આજપર્યંત લોકો ભૂલ્યા નથી. તાજેતરમાં અતિવૃષ્ટિને કારણે હિમાલયને ખોળે વસેલા ઉત્તરાખંડની દેવભૂમિમાં પ્રલય સરજાયો તે આગામી દાયકાઓ લગી યાદ રહેશે. વરસાદ વગર જીવસૃષ્ટિને ચાલવાનું નથી અને ઓછા કે વધુ પડતો વરસાદ એને મુશ્કેલીમાં મૂકી શકે છે. કુદરત સાથે ચેડાં કરવાથી પર્યાવરણનું સંતુલન જોખમાતું રહે છે. એથી ક્યારેક ઋતુચક્રમાં પણ ફેરફાર થતો હોય છે. ગ્લોબલ વોર્મિંગને કારણે સરજાતાં જોખમો માણસનાં કુકર્મોનું જ ફળ ગણાય. પછી એને કુદરતનો કોપ કહો કે જે કહો તે. આપણા પૂર્વજોએ મેઘરાજાને દેવતા ગણ્યો છે. ઇંદ્ર કોપે તો બારે મેઘ ખાંગા થાય અને પૃથ્વી ઉપર જળબંબાકાર બની રહે. એવા સંજોગોમાં હાથ જોડીને બેસી ન રહેવાય. ઇંદ્રને પડકારવા કૃષ્ણકન્હૈયાએ એના ગોવાળિયાઓને ગોવર્ધન પર્વતનો આશ્રય લેવા પ્રેર્યા હતા. માણસ પાસે અન્ય પ્રાણીઓ કરતાં વધારે ફળદ્રુપ એવું ભેજું છે. એ સમસ્યાઓ ઊભી પણ કરી શકે છે તેમ એમના ઉકેલ પણ શોધી શકે છે. ગ્લોબલ વોર્મિંગને કારણે ઊભી થયેલી સમસ્યા ક્યારેક અનાવૃષ્ટિ લેખે સામી આવી છે ત્યારે માણસે ધરતીનાં પેટાળ ફોડીને પોતાની ફસલ જીવતી રાખી છે. પરંતુ ધરતીનું દોહન તે હદે વધી ગયું કે પેટાળમાં ભૂગર્ભજળ પણ ખૂટી જાય તેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. ત્યારે પીવાના પાણીનાંય ફાંફાં પડે એ પહેલાં આપણે વરસાદનાં અમીજળ સંઘરવાની પરંપરાગત પદ્ધતિનો ફરી અમલ કરતા થઈએ, વહી જતાં પાણી જમીનમાં ઉતારી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવે એવા પ્રયાસો કરીએ તે આપણા હિતમાં છે. સરકારે આ દિશામાં લોકશિક્ષણની પરિણામ દાયક વ્યવસ્થા કરવી જોઈએ. અત્યારે તો પ્રમાણમાં સંતોષકારક વરસાદ વરસી રહ્યો છે. કચ્છને બાદ કરતાં ઘણા બધા વિસ્તારોમાં મોસમનો જરૂરી વરસાદ પડવો જોઈએ તે પ્રમાણમાં પડી રહ્યો હોઈ ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. ખેતીને આપણા કૃષિ પ્રધાન દેશમાં ક્યારેય અવગણી શકાશે નહીં. ઉદ્યોગધેલી ગુજરાત સરકાર સામે ક્યારેક ખેતીની જમીન બચાવવા ડો. કનુભાઈ કળસરિયાને કૂચ યોજવી પડી હતી તો આજકાલ બહુચરાજી-માંડલમાં 'સર' યોજના હેઠળ આવરી લેવાતી જમીનો બચાવવા સત્યાગ્રહ કરવો પડે છે. વરસાદ અને ખેતીને નાભિનાળનો સંબંધ છે. સરકાર કરતાં ખેડૂતને મન વરસાદ વધારે અગત્યનું વાનું છે.

ઉદ્‌ગમ સંસ્થાએ સેકટર-૨૪/૧ની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટ વહેંચી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની ઉદગમ સંસ્થાએ તાજેતરમાં પટણી કમ્પ્યૂટરના સહયોગથી શહેરની સેકટર-૨૪/૧ની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક ચીજ વસ્તુઓનું વિતરણ કર્યું હતું. ધોરણ-૧ થી ધોરણ-૮ સુધીના ૨૯૦ જેટલા વિદ્યાર્થીઓને ઉભય સંસ્થાના સહયોગથી નોટ, પેન, પેન્સિલ, સંચો, રબર, દેશી હિસાબ વગેરેનું વિતરણ કર્યું હતું.

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિ સાથે સતત પ્રયત્નશીલ થઈને કાર્ય કરે છે. ઉદગમ સંસ્થાએ આ વર્ષે વિવિધ કોર્પોરેટ સેકટર સાથે જોડાણ કરીને સંસ્થાના ઉમંગ પ્રોજેકટ અંતર્ગત કલેકશન ડ્રાય શરુ કરી હતી. આ કલેકશન ડ્રાયનો મુખ્ય ઉદ્દેશ સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને નોટ, પેન્સિલ, રબર, સંચો, પેન, દેશી હિસાબ વગેરે જેવી વસ્તુઓનું કલેકશન કરીને વિદ્યાર્થીઓને મદદ રુપ થવાનો હતો.

આ કાર્યમાં પટણી કોમ્પ્યુટરના સહયોગથી સેકટર-૨૪/૧ની પ્રાથમિક શાળામાં ૧ થી ૩ ધોરણના વિદ્યાર્થીઓને દેશી હિસાબ, નોટ, પેન્સિલ, રબર, સંચો અને ૪ થી ધોરણના વિદ્યાર્થીઓને નોટબુક, પેન, પેન્સિલ, સંચો, રબર વગેરે વસ્તુઓનું શાળાના ૨૯૦ જેટલા વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બાળકોને રમત રમાડવામાં આવી અને રમત દ્વારા મુંબઈ, ચેન્નાઈ, દિલ્હી, બેંગ્લોર શહેરની અનુભુતિ કરાવી હતી. આ રમતથી બાળકોના આનંદ ઉત્સાહમાં વધારો થયો હતો.

શાળાના આચાર્યા ઉષાબેન ગોસ્વામી અને શાળાનો સ્ટાફ તેમજ ઉદગમ સંસ્થાનો સ્ટાફ તેમજ પટણી કોમ્પ્યુટરના દર્પેશભાઈની રાહબરી હેઠળ અને સ્ટાફ મિત્રો તેમજ ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાઈ ગયો હતો.

બહેન ગંભીર અને ચિંતા કરવા જેવું છે, ઈએમઆર, બ્લડ, સ્ટુલ, યુરિન, સીટી સ્કેન બધું જ નોર્મલ આવે છે. આ માણસ આળસુ લાગે છે...!

ઘોચાં મારવા એટલે દાવ દેનારના ભમરડાને જમીન પર રાખી ખેલાડી પોતાના ભમરડાને બરાબર ઝાલી ઘા મારે

● **રમતનું નામ - બે કુંડાળી...**

આ રમતમાં પણ ત્રણ ચાર ખેલાડી રમી શકે છે. સૌ પ્રથમ મેદાનમાં વીસેક ફૂટનાં અંતરે બે સમાન કુંડાળા કે વર્તુળ દોરવામાં આવે છે. ત્યાર પછી ખેલાડી વચ્ચે શરત રખાય છે. જેનો ભરમડો સારી કુંડાળીમાં પહોંચે તેના ભમરડાને અન્ય ખેલાડીઓ નક્કી કર્યા મુજબના ઘોચાં મારે.

ઘોચાં મારવા એટલે દાવ દેનારના ભરમડાંને જમીન પર રાખી ખેલાડી પોતાના ભમરડાને બરાબર ઝાલી ઘા મારે. આ ઘા મારવા માટે બે કુંડાળી રમનારાઓ ખાસ પ્રકારની આર- નખાવે. ઘણી વાર દાવ દેનારનાં ભમરડો ફાટી જાય કે તેનાં છોડાં ઉખડી જાય - ચક કરવાની પદ્ધતિથી દાવ દેનાર નક્કી થાય ને તેનો ભમરડો કુંડાળામાં મુકાય. અન્ય ખેલાડીઓ પોતાના ભમરડાને એવી રીતે ફેરવે કે કુંડાળાના ભમરડાને બરાબર આંટી જાય. આમ ભમરડા વડે અંટાતા અને બીજા કુંડાળામાં પહોંચાડવાનો હોય.

જયાં સુધી ભમરડો કુંડાળીમાં હોય ત્યાં સુધી જો કોઇ ન આંટી શકે તો દાવ દેનાર તેનો ભમરડો જાળી વડે ઉછાળી ઝીલી લે અને તેને કુંડાળીમાં મુકી પોતાનો લઇ દે. આ રમતમાં એક વખતે એક જ ભમરડો કુંડાળી કે કુંડાળી બહાર હોય.

જો કોઇનો ભરમડો ન ફરે તો દાવ ખાલી જાય. એક વખત દાવ ખાલી જાય તો માંડી દેવાનો.

દાવ દેનારનો ભરમડો કુંડાળીમાંથી બહાર નીકળી જાય પછી અન્યના ભમરડાને ઝીલી ન શકાય. કેટલીક જગાએ ફરતા ભમરડાને હાથમાં લઇને પણ મેદાન પરનાં ભમરડાને ઘક્કા મારવામાં આવે, કુંડાળીમાં કે બહાર ભમરડા ને હાથ વડે ન અડાય.

ધીમે ધીમે ઘક્કા ખાતો કોઇનો ભમરડો નવી કુંડાળી પાસે આવે. આ વખતે દાવ દેનાર બરાબર સજાગ થઇ જાય. જો દાવ લેનાર કોઇનો ભમરડો કુંડાળીમાં પ્રવેશી જાય તો તુરત તેને ત્યાં ચોંપી દેવાય.

જેથી એને અગાઉનાં ભમરડાની જગાએ મુકવો પડે. છેક છેલ્લી વખતે કુંડાળાથી માંડ એકાદ ફૂટનાં અંતરે ભમરડો રહે ત્યારે આવી ઘટના બને. ભમરડો જયારે બીજી કુંડાળીમાં પહોંચી જાય ત્યારે રમત પુરી થાય ને છેલ્લા ભમરડાને ઘોચાં ખાવા પડે.

આ રમતનો એક પેટા પ્રકાર છે. તેમાં માત્ર બે જ ખેલાડી રમે. જેનાં ભમરડો સામેના વર્તુળમાં પહોંચી જાય તેણે પોતાનાં ભમરડાં આપી દેવા પડે. આ માટે કેટલા ઘા માં ભમરડો પહોંચાડવાનો છે તે નક્કી થાય. આમા ઝીલવાનું - ચાંપવાનું ન આવે. જો નક્કી થયેલ ઘા પ્રમાણે ભમરડાને નવા વર્તુળમાં ન પહોંચાડી શકાય તો ઘા કરનાર પોતાનો ભરમડો ગુમાવે.

● **ભમરડા : રમત-૩**

ફરતું ઘોચું...

આ ત્રીજી રમત માત્ર બે ખેલાડી વચ્ચે જ રમાય છે.



આમાં કોઇ પણ એક ખેલાડી પ્રથમ પોતાનો ભમરડો ફેરવે છે. ભમરડો શરૂઆતમાં જલદી ફરતો હોય. પોતાના સ્થાનેથી ખસતો હોય. એ સમય દરમિયાન બીજો ખેલાડી જાળી વિંટી ભમરડો તૈયાર રાખે. ભમરડો ફરતાં ફરતાં ઘડીભર સ્થિર થાય કે તુરત તૈયાર ઊભેલો પોતાના ભમરડાને બરાબર નિશાન લઇ ઘા કરે, જો ભરમડો અણીદાર હોય તો ફરતા ભમરડા પર બરાબર ઘા બેસે.

ભમરડાને આંટી જાય કે ઘા ખાલી જાય. પણ વારો બદલાય. હવે ઘા કરનારનો વારો ભમરડાને ફેરવવાનો આવે ને બીજો ઘા કરે. આમ વારાફરતી રમત ચાલે.

આમા ' કુંડાળી ન હોય, ઝીલવાનું નહિ, બસ ફેરવા ને આંટી જાવ.

(પૂર્ણ)

શેરી રમતો

રમત-૨ ને ૩ ભમરડાં... (બાળ વિભાગ)

- અનંત ન. વ્યાસ

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી આવકાર સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૮માં આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તાજેતરમાં યુ.જી.બી.એ.ના પ્રથમ સેમિસ્ટરમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને આવકારતો સત્કાર સમારંભ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓને આ પ્રસંગે સંસ્થા અને સંસ્થાના કર્મચારીગણનો પરિચય આપી સાંસ્કૃતિક, શૈક્ષણિક, પ્રવૃત્તિઓની વિગતો આપવામાં આવી હતી.

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા યુ.જી.બી.એ.ના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને આવકારવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન પદે ડૉ. એસ.એન. ઐયર અને અતિથિવિશેષ પદે ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ડૉ. કિશોરસિંહ સોલંકી અને પ્રા.આર.એમ. પટેલે ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતાં.

સમર્પણ કોલેજના આચાર્ય ડૉ. ઋતાબેન બ્રહ્મભટ્ટે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો તથા કોલેજમાં ચાલતી શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી. કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા. લલિતાબેન સોલંકીએ અધ્યાપકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન ડૉ. અલ્પાબેન પટેલે કર્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટર નેશનલ સાયન્સ સેમિનાર યોજશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં વિજ્ઞાનને લગતી અનેક પ્રવૃત્તિઓ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચલાવવામાં આવે છે. જેના ભાગ રૂપે જિલ્લા કક્ષાની નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૩ની સ્પર્ધા તા. ૨ ઓગષ્ટ ૨૦૧૩ને સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન આર.જી.પટેલ કન્યા વિદ્યાલય, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. સ્પર્ધાનો વિષય 'જળ સહયોગ : પ્રશ્નો અને પડકારો' રાખવામાં આવ્યો છે.

પાણી આપણા જીવન માટે એક મહત્વનું ઘટક છે તેના વગર જીવન શકય નથી. પાણીને લઈને ઊભા થયેલા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ ૬ મિનિટમાં રજૂઆત કરવાની રહેશે. આ સ્પર્ધા વકતૃત્વ સ્પર્ધા ન હોવાથી વિદ્યાર્થીઓ વિષયને અનુરૂપ ચાર્ટ, સ્લાઈડસ, કોમ્પ્યુટર પી.પી.ટી.માંથી ગમે તે એક માધ્યમની વધુમાં વધુ પાંચ સ્લાઈડસ અથવા ચાર્ટસ રજૂ કરી શકશે.

આ સ્પર્ધા માટે એક માધ્યમિક શાળામાંથી એક જ વિદ્યાર્થી ભાગ લેશે. આ સેમિનારમાં વધુને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પરિપત્રો મોકલવામાં આવ્યા છે. આ સ્પર્ધામાં ધોરણ:૮ના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે. જેથી જે પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરુ થયું તેવી પ્રાથમિક શાળા પણ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધા અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટરનાં કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા મોબાઈલ નંબર ૯૪૨૬૪ ૫૧૧૦૨ પર સંપર્ક કરવો.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળામાં તાજેતરમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગુરુ શિષ્ય પરંપરાને લગતો સુંદર કાર્યક્રમ શાળા સેમિનાર હોલમાં યોજાઈ ગયો.

અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતા ગુરુનો મહિમા અનેરો છે. જીવનમાં અજ્ઞાન રૂપી અંધકારમાંથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ લઈ જતા ગુરુને વંદન કરી વિદ્યાર્થીઓએ સાંપ્રત સમયમાં ગુરુ શિષ્ય સંબંધોને ઉજાગર કરતા વકતવ્ય રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા શ્વેતાબેને પણ વિદ્યાર્થીઓને ગુરુનો મહિમા તથા શિષ્યોની ફરજ પર પ્રકાશ પાડયો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નિખિલભાઈ પટેલે કર્યું હતું અને શાળાના શિક્ષક હિંમતસિંહ ચાવડાએ આભાર દર્શન કર્યું હતું.

પુસ્તકાલયોમાં જગ્યા ખાલી હોવાથી હજુ જટીલ સમસ્યા

અમદાવાદ, તા.૨૮

શહેરમાં બે વર્ષ અગાઉ અ.મ્યુ.કોર્પો. અને મા.જે. પુસ્તકાલયની સંયુકતતા હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારોમાં નાના સ્તરે મા.જે. વાંચનાલયો શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં શહેરના સૈજપુર બોઘા સ્થિત મા.જે. વાંચનાલયમાં માળખાકીય સુવિધાઓનો અભાવ ઉપરાંત વાંચનાલયનો વહીવટ સફાઈ કામદાર ચલાવતો હતો તેવી માહિતી બહાર આવતા સ્થાનિક જાગૃત્તિ નાગરિક ઈન્દ્રેકર જીગ્નેશે આ અંગે માહિતી અધિકારમાં અરજી કરી માહિતી માંગી હતી જેમાં તેમને ખૂબ જ ચોંકાવનારી વિગતો પ્રાપ્ત થઈ છે.

સૈજપુર સ્થિત મા.જે. વાંચનાલયનો વહીવટ સફાઈ કામદાર ચલાવે છે તે અંગે અરજીમાં પુછેલ સવાલના સંદર્ભમાં મા.જે. પુસ્તકાલયના (એલીસબ્રીજ) ગ્રંથપાલ ડો. બિપિન જે. મોદીએ લેખિતમાં જણાવ્યું છે કે કર્મચારીઓની ભરતી ન થઈ શકવાના કારણે અત્રેની વાંચનાલયમાં કર્મચારીને મુકવામાં આવેલ નથી. કર્મચારી ન હોવાથી લાયબ્રેરી બંધ ન રહે તે હેતુથી અને અત્રે લાભ લેતા વાચકોની માંગણી અનુસાર સક્ષમ સત્તાને ધ્યાન પર લાવી સફાઈ કામદાર મારફતે વાંચનાલય ખોલવા બંધ કરવામાં આવે છે.

ડો. બિપિન મોદી દ્વારા મળેલ લેખિત જવાબમાં કેટલું તથ્ય છે એ તો રામ જાણે પરંતુ તેમના જવાબથી ઘણા સવાલો ઉઠવા પામ્યા છે. રાજયભરમાં દર વર્ષે લાયબ્રેરી સાયન્સ ભણેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પાસ થાય છે તો શું અ.મ્યુ.કોર્પો. અને મા.જે. પુસ્તકાલય સત્તાધીશો મોટી સંખ્યામાં પાસ થયેલા એ વિદ્યાર્થીઓની નિમણુંક કરી સમસ્યાનો ઉકેલ ન લાવી શકે.

બીજી બાજુ પૂર્વ અમદાવાદમાં આટલા વર્ષો પછી અ.મ્યુ.કોર્પો.એ માંડ કોઈ વાંચનાલયની સુવિધા આપી છે એ પણ અડધી-અધૂરી છે. સૈજપુર સ્થિત મા.જે. વાંચનાલયમાં વહીવટ સફાઈ કામદાર ચલાવતો હોવાથી વાંચનાલયમાં વાંચવા આવતા લોકોને ખૂબ જ હાલાકી પડે છે. કેમ કે સફાઈ કામદાર તેની ઈચ્છા મુજબ લાયબ્રેરી ચલાવે છે ઉપરાંત વાંચનાલયમાં આવતી મેગેઝીનો, પેપરો પણ સ્ટોરરૂમમાં જમા પડ્યા ધૂળ ખાય છે કેમ કે સફાઈ કામદાર વાંચનાલયમાં બેસતો ન હોવાથી એક બે વખત મેગેઝીન પેપરોની ચોરી થઈ હતી જેના પગલે તે આ બધી વસ્તુઓ સ્ટોરરૂમમાં રાખે છે.

કલોલ તાલુકાની લીંબોદરા પ્રાથમિક શાળા એ ગ્રામજનો માટે ગૌરવ પથ

ગાયકવાડ સરકારના વખતમાં તા. ૨૭ ડિસેમ્બર ૧૯૦૯ના રોજ બ્રહ્મપુરમાં પ્રથમ શાળા શરૂ કરવામાં આવી હતી. ઘણાં સમય બાદ હાલની જે શાળા છે. ત્યાં ચાર રૂમની વિલાયતી નળિયાવાળી શાળા બનાવવામાં આવી હતી. સમય પ્રમાણે એક રૂમ ત્યારબાદ બીજા બે રૂમ. ત્યારબાદ દાતાઓ દ્વારા એક રૂમ બનાવવામાં આવ્યો. સરકારશ્રી દ્વારા સી.આર.સી. રૂમ અને આચાર્ય રૂમ હાલમાં કાર્યરત છે. ધોરણ ૧થી ૭ની શાળા હાઈસ્કુલમાં પથી ૭ ગ્રાન્ટેડ સ્કુલ બનતા ધોરણ ૧થી

શાળા ગુણવત્તાનું ઉત્તમ ઉદાહરણ લીંબોદરા પ્રાથમિક શાળા

૪ની સ્કુલ ચાલે છે. ત્યારબા ૧થી ૬ ધોરણ અને ૨૪૫ વિદ્યાર્થીઓ (ફકત કુમાર) અભ્યાસ કરી રહ્યા છે. ત્રણ ભાઈઓ અને ચાર બહેનો સાથેનો સાત શિક્ષકનો સ્ટાફ છે. શરૂઆતના આચાર્ય કેશવલાલ ગઢવીથી શરૂઆત કરી કાશીરામ પટેલ, મગનભાઈ બ્રહ્મભટ્ટ, મણિભાઈ ગઢવી, પુંજાલાલ મણિલાલ પરીખ, રમણલાલ અંબાલાલ પટેલ, ભોળાનાથ ગોવિંદલાલ રાવલ, લલ્લુભાઈ હરરાજભાઈ દેસાઈ અને હાલ આચાર્ય તરીકે જશવંતસિંહ ઈશ્વરસિંહ ભાટી સેવાઓ આપી રહ્યા છે. તા. ૨૭ ડિસેમ્બર ૨૦૦૯ના રોજ શાળાને ૧૦૦ વર્ષ પૂરા થતાં તારીખ ૨૧ માર્ચ ૨૦૧૦નાં રોજ સમસ્ત ગામ શતાબ્દી મહોત્સવની ઉજવણી કરેલ હતી.

આચાર્ય જશવંતસિંહ ભાટીની મુલાકાત લેતાં જાણવા મળ્યું કે, વર્ષ ૨૦૦૮માં શાળાને શાળા ગુણવત્તા એવોર્ડ મેળવેલ છે. તેમજ આચાર્યને વસ્તીગણતરી ૨૦૦૧માં સન્માન પત્ર મળેલ છે.

કલોલ તાલુકાની લીંબોદરા પ્રાથમિક શાળાએ કલોલ તાલુકાનું ગૌરવ છે. શિક્ષકોનો પરિવાર ખૂબ જ ઉત્સાહી છે. તેમની એસ.એમ.સી. કમિટી ખૂબ જ એકટીવ છે. તેમની શાળાની માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજય પ્રા.શિ.સંઘ પ્રમુખ ચંદુલાલા જોશી, તેમજ મહામંત્રી બળદેવભાઈ ચૌધરીએ ખૂબ જ પ્રશંસા કરેલ છે અને શુભેચ્છા સંદેશ મોકલેલ છે. જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના આચાર્ય માન.ડો. ટી.એસ. જોશી સાહેબ શાળાને અભિનંદન આપતા જણાવે છે કે, જશવંતસિંહ ભાટીના નેતૃત્વમાં લીંબોદરા પ્રાથમિક શાળાએ જનભાગીદારીને સાચા અર્થમાં સાર્થક કરેલ છે.

લીંબોદરા પ્રા.શાળામાં ઈકોકલબ, સહાયપાત્ર, વર્ગ, પુસ્તકાલય,આજનું ગુલાબ, બગીચાને પાણી પાવવાની પદ્ધતિ, ઘડીયા ગાન, પ્રશ્નોતરી મંચ, આજના દિનનો મહિમા, સમાચાર વાંચન, હેલ્થ કોર્નર, શાળા પુસ્તકાલય, કોમ્પ્યુટર શિક્ષણ ધોરણ ૧ની બેઠક વ્યવસ્થા, રમતાં રમતાં ભણીએ, વિશેષ દિનની ઉજવણી, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, ઈત્તર પ્રવૃત્તિ, સ્વચ્છતા અભિયાન, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, દારૂબંધી અભિયાન, જળ સંચય યોજના, પર્યાવરણ જાગૃતિ, સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ, મધ્યાહ્ન ભોજનમાં ડીશ યોજના, પરબ માટે ગ્લાસ યોજના, મ.ભો.માં શ્લોક દ્વારા ભોજન, ભીંત સુત્રો, કમીટીની રચનાઓ, કીચન ગાર્ડન, રાષ્ટ્રીય કાર્યક્રમોની ઉજવણી ધોરણ-૧થી મરજિયાત અંગ્રેજી શિક્ષણની શરૂઆત, પ્રોજેકટવર્ક, મોહન મંચ, સ્પર્ધાત્મક પ્રવૃતિઓ, બાળમેળો, રમતોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ ચાલે છે.

લીંબોદરા શાળાની વાત ચાલે છે તો તેના પ્રાથમિક શાળાના બાળકો પણ પ્રતિભાશાળી છે. તેમની શાળામાં ભણતો બાળક સુભાષ રતનભાઈ દત્ત ૧૦૧ સુધીના ખૂબ જ પ્રતિભાશાળી બાળકો છે. પ્રાથમિક શાળાના બાળકો જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન

મારી શાળા મારી તીર્થ ભૂમિ

- સંકલન : ધર્મેશ રાવલ

પ્રદર્શનમાં નંબર લાવેલ છે. પ્રાથમિક શાળામાં સ્વીડન ડેલીગેશને ખાસ શાળા મુલાકાત લીધેલ છે. આઈ.જી.પી. કેશવકુમાર, એન.સી.ઈ. આર.ટી.ની ટીમ દિલ્હીથી આવેલ છે. શાળામાં ઉપસચિવશ્રી, એસ.કે. બામણીયાએ પણ મુલાકાત લીધેલ છે. પ્રાથમિક શાળાના બાળકોએ મધુર ડેરી, ઈન્દ્રોડા પાર્કનો પ્રવાસ કરેલ છે.

અંતે એ બાબત ઉલ્લેખનીય છે કે, શાળા પરિવારજનો અને બાળકોએ સાથે મળીને દારૂબંધી માટે રેલી કરેલ અને જાહેર સભાને સંબોધન કરેલ જેમાં ગામની મહિલાઓ પણ જોડાયેલ હતી અને ગામમાંથી દારૂ બંધ કરવા માટેનું અભિયાન ઉપાડેલ જે સમાજની સુધારવા કરવા માટેનું મહત્વનું શાળાનું પ્રદાન છે.